# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4779-6 તારીખ : 17-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

જીવાભાઈ સામતભાઈ ચેતરીયા

મું. પો. : લાંબા, તા. : કલ્યાણપુર , જી. : દેવભૂમિ દ્વારકા,

મોબાઈલ : ૯૮૭૯૭૪૩૪૫૪૯

વિષય : ભાવપત્રક ની મુદત વધારાવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૮-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/ક્વા-૧/૧૯-૨૦/ 4779-6** તા. 17-7-19

2003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૮/ક્વા-૧/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | જીવા સામતભાઈ ચેતરીયા ગામ: લાંબા |
| રજૂઆત કરનાર: | અરજદાર જીવા સામતભાઈ ચેતરીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – વિભાગીય કચેરી, દ્વારકા |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર– કે.સી.ચૌહાણ, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી |
| તારીખ: | ૦૯-૦૭-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જીવા સામતભાઈ ચેતરીયા ગામ -લાંબા, તેઓની અરજીના નોંધણી નં: ૩૮/ક્વા-૧/ ૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ તા.૦૬–૦૩–૧૪ ના રોજ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે રૂ.૨૦૦/– ભરપાઈ કરી અને નોધણી કરાવેલ. જેનુ ભાવપત્રક, તેઓને બદલે અન્ય કોઈ બીજી વ્યકિત ને આપી દેવાયેલ છે. જેથી, સદર વીજજોડાણ અન્વયે નુ ભાવપત્રક ભરપાઈ થઈ શકેલ નથી. જે અન્વયે ભાવપત્રક ની મુદતમાં વધારો કરવા માટે તા.૦૩–૦૫–૧૯ થી પેટા વિભાગીય કચેરી કલ્યાણપુર મા અરજી કરેલ. જે બાબતે ની કોઈ કાર્યવાહી ન થતા – તેમજ અરજદાર દ્વારા અન્ય બીજા વીજજોડાણ માટે તા.૨૩–૦૮–૧૮ ના રોજ ભાવપત્રક અને ટેસ્ટ રીપોર્ટ ની રકમ ભરપાઈ કરેલ હોવા છતા – સામેવાળા દ્વારા અધુરૂ કામ મુકી ને ચાલ્યા ગયેલ છે. આમ, આશરે ૦૮ માસ ઉપર નો સમયગાળો જવા છતા – જોડાણ ને ચાલુ કરી આપેલ નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- સદર અરજદાર દ્વારા તા.૦૬.૦૩.૨૦૧૪ ના રોજ રસીદ નં.૩૯૫૯૬૯૫ થી રૂ.૨૦૦/- ભરપાઈ કરી નવા વીજ જોડાણ માટે અરજી કરેલ હતી જે અનુસંધાને

અગ્રતાક્રમ મુજબ પેટા વિભાગીય કચેરી દ્વારા વીજ જોડાણ માટેનું અંદાજપત્ર રવાનગી નંબર ૫૮૪૦ તા.૦૧.૦૮.૨૦૧૮ ના રોજ રજીસ્ટર એડી. મારફત અરજદારને પાઠવવામા આવેલ જે અરજદારના કોઇ પ્રતિનિધિ દ્વારા મેળવેલ છે જે રજીસ્ટર એડી. ની કાપલી પરથી સ્પષ્ટ થાય છે.આમ સદર વીજ જોડાણ માટેનું અંદાજપત્ર અરજદારને સમયસર મળી ગયેલ છે. જે અંદાજપત્ર અરજદાર દ્વારા સમયસર ભરપાઈ કરવામા આવેલ નથી.

૩.૧ આ ઉપરાંત અરજદાર દ્વારા અન્ય એક વીજ જોડાણ જેને નાણાં તા.૨૩.૦૮.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરેલ જેનું કામ પૂર્ણ થઈ ગયેલ છે અને મીટર નં. પીટી / ૦૭૧૭૧૨ તથા ગ્રાહક નં. ૮૫૭૨૩૦૨૬૮૯૫ થી વીજ જોડાણ આપવામાં આવેલ છે. સદર બાબતની જાણ અરજદારને કેપીએસડી/ટેક/૧૯/૮૧૧૦ તા.૦૫.૦૭.૨૦૧૯ થી કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૩.૦ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી ની નોંધણી તા.૦૬–૦૩–૧૪ ના રોજ કરાવેલ છે. જે અન્વયે અરજદાર ને અગ્રતાક્રમ મુજબ – નિયત ભાવપત્રક તા.૦૧–૦૮–૧૮ થી રકમ રૂ.૪,૭૩૫/– થી ગામ – કલ્યાણપુર, તા.કલ્યાણપુર ને મોકલાવેલ છે. જે પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ એકનોલેજમેન્ટ પાવતી મુજબ અરજદારના જણાવ્યા મુજબ– અરજદાર વતી અરજદારના પુત્ર સાજણભાઈ જીવાભાઈ એ સ્વીકારેલ છે અને તે બદલ સહી કરી આપેલ છે, સદર ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તારીખ તા.૨૯–૦૮–૨૦૧૮ દર્શાવેલ છે.

ઉપરોક્ત વિગતે અરજદાર ની નોંધણી અરજી એસ.આર. નં. – ૫૬૬૧૫૪૪ અન્વયેનુ ભાવપત્રક અરજદારને તા.૦૧–૦૮–૧૮ થી અપાયેલ છે. જે સમયમર્યાદામાં અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ નથી. તેમજ, ભાવપત્રક ની સમયમર્યાદા વધારવા બાબતે ની રજુઆત – અરજદાર દ્વારા સમયમર્યાદામાં કરેલ હોય, તેવા આધાર–પુરાવા રજુ કરાયેલ નથી. જેથી, અરજદાર ની ભાવપત્રક ની મુદતમાં વધારો કરવા માટે ની સદર રજુઆત ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.૨ અરજદાર ની રજુઆત મુજબ સામેવાળા દ્વારા રજુ કરાયેલ મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ના અન્ય વીજજોડાણના ભાવપત્રક ની રકમ તા.૨૩–૦૮–૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે. જે વીજજોડાણ નુ કામ પૂર્ણ કરીને ગ્રાહક નં. – ૮૫૭૨૩/૦૨૬૮૯/૫ થી મીટર નં. – પીટી ૦૭૧૭૧૨ થી વીજજોડાણ ચાલુ કરી અપાયેલ છે. જેની લેખીત જાણકારી રજીસ્ટર્ડ ટપાલ મારફત તા.૦૫–૦૭–૧૯ થી અરજદાર ને કરાયેલ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે મુદદા નં. ૪.૧ અને ૪.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯